**DATE: 30/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# ભરૂચ LCBએ ONGCની લાઈનમાં પંચર કરી ઓઈલની ચોરીનો પ્રયાસ કરનારને દબોચી લીધો

**આરોપી** આણંદ જીલ્લામાં મિલકતોને નુકશાન કરવાનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે

ભરૂચ,તા.૨૯ : ભરૂચ જિલ્લાના વેડચ નજીકથી પસાર થતી ONGCની ક્રૂડઓઈલની ચાલુ પાઈપ લાઈનમાં પંચર કરી ક્રૂડઓઈલની ચોરી કરવાની કોશીષના ગુનામાં નાસતા ફરતા આરોપીને ભરૂચ LCBએ ઝડપી પાડ્યો હતો.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ભરૂચ જીલ્લાના તથા જીલ્લા વિસ્તારમાં રહેતા અને પોલીસ પકડથી નાસતા ફરતા આરોપીઓની માહિતી એકત્રિત કરી,આરોપીઓને ઝડપી પાડવાની સુચના મળી હતી,જે બાબતે LCB ની ટીમના પીએસઆઈ ડી.એ.તુવર અને તેમની ટીમે હ્યુમન ઈન્ટેજન્ટ અને ટેક્નીકલ સર્વલન્સની મદદથી વેડચ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પસાર થતી ONGC ક્રૂડઓઈલની ચાલુ પાઈપ લાઈનમાં પંચર કરી, ફૂડઓઈલની ચોરી કરવાની કોશીષ કરી હતી.આ ગુનામાં વોન્ટેડ આરોપી સલીમખાન અહેમદખાન ઉર્ફે પ્રવિણ રાઠોડ અંગે પોલીસને માહિતી મળતા તેને આણંદ જિલ્લાના તેના માદરે વતન જાખરીયા ગામેથી પુછપરછ અર્થે લઈ આવી સઘન પુછપરછ દરમ્યાન ગુનાની કબુલાત કરતાં આરોપી સલીમખાન અહેમદખાન ઉર્ફે પ્રવિણ રાઠોડ વેડચ પોલીસ સ્ટેશનના ONGC ફૂડઓઈલ ચોરીની કોશીષના ગુનામાં નાસતો ફરતો હોય તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વેડચ પોલીસને સોંપ્યો છે.ઝડપાયેલો આરોપી એ આણંદ જીલ્લામાં વર્ષ-૨૦૧૭માં સાર્વજનિક મિલકતોને નુકશાન કરવાના ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

**DATE: 30/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANESH PAGE-04**

### મારા ઘરની બહાર સાઇકલ કેમ મૂકે છે કહી પાડોશી તૂટી પડ્યો

# કાવીમાં ફળિયામાં સાઈકલ ચલાવતી 11 વર્ષીય બાળા પર ધારિયાથી હુમલો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસરના કાવી ગામે ખત્રી ફળિયામાં રહેતો મહેન્દ્રસિંહ શાંતીલાલ ગોહિલ વેપાર-ધંધો કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને ત્રણ સંતાનો છે. જે પૈકીની બીજા નંબરની 11 વર્ષની પુત્રી જાનુ સાંજના સમયે તેમના ઘરની બહાર તેની સાયકલ લઈને રમી રહી હતી. તે વેળાં તેમના પાડોશમાં રહેતો અજીત ડાહ્યા ગોહિલે તેમની પુત્રી જાનુને મારા ઘરની આજુબાજુ સાઈકલ મુકવાની નહીં તેમ કહીં અપશબ્દો ઉચ્ચારી રહ્યો હતો.જેના કારણે બુમરાણ થતાં તે

મની પત્ની ઘરમાંથી બહાર આવીને જોતાં અજીત તેના હાથમાં ધારિયુ લઈને તેમની સાસુ સાથે ઝઘડો કરી રહ્યો હતો. અને તમે કેમ તમારી છોકરીને બહાર સાઈકલ ચલાવવા મોકલો છો અને મારા ઘરની બહાર કેમ સાઈકલ પાર્ક કરાવો છો કહીં અપશબ્દો ઉચ્ચારતો હતો. જેથી તેમની પત્નીએ તેને પકડવા જતાં તે ભાગી ગયો હતો. દરમિયાનમાં તેમની પુત્રી જાનુ ઈજાગ્રસ્ત હાલતમાં તેમની પાસે આવતાં અજીતે તેના પર ધારીયુ(દાંતી) વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાનું જણાવતાં તેને તાત્કાલિક સારવાર માટે ખસેડાઈ હતી. બનાવ સંદર્ભે કાવી પોલીસે ગુનો નોંધી આરોપીને ગણતરીના કલાકમાં જ ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 31/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

ઝઘડિયા ડીસીએમ કંપનીના કામદારનો જીવ બચાવ્યો

# પૂરમાં ફસાઈ ગયેલા કર્મચારીને બચાવનાર કોન્સ્ટેબલનું સન્માન

## બાઈક સાથે પાણીમાં તણાતાં ઝાડની ડાળીએ લટકી રહ્યો હતો

। ઝઘડિયા ।

ઝઘડિયા ડીસીએમ કંપનીના કામદારને બચાવનાર પોલીસ કોન્સ્ટેબલનુ એસપીના હસ્તે સન્માન કરાયું હતું.

ઝઘડિયા તાલુકામાં ગત ૨૪-૭ ના રોજનેશનલ હાઈવે ઉપર ખરચી તેમજ ઝઘડિયા જીઆઈડીસીને જોડતા માર્ગ ઉપર ખાડીના ગાળા ડુબ પાણી ફરી વળ્યા હતા. જે માર્ગ ઉપર ડીસીએમ કંપનીમાં કામ કરતો તુષાર પટેલ બાઈક સાથે પાણીમાં ખેંચાયો હતો. જે બાબતની જાણ થતા મુલદ ચાર રસ્તા ઉપર ફરજ બજાવતા ટ્રાફિક પોલીસ જવાન જયેશ પ્રજાપતિએ ધસી જઈ ભારે જહેમતથી પાંણીમાં ફસાયેલાં યુવાનનું રેસ્ક્યુ કર્યું હતું. યુવાનનો જીવ બચાવી બહાદુરી બતાવનાર પોલીસ કોન્સેટેબલનુ જિલ્લા પોલીસ વડા દ્વારા તથા ડીસીએમ કંપનીના સત્તાધિશો



ટ્રાફિક પોલીસ જવાનનું સન્માન કરતા એસપી નજરે પડે છે.

દ્વારા સન્માન કરાયું હતું.

બનાવની વિગત એવી છે કે ઝઘડિયા ડીસીએમ શ્રીરામ કંપનીમાં કામ કરતો અને જુના કાંસિયા ગામે રહેતો તુષાર પટેલ ફરજ બજાવી વહેલી સવારે પોતાની બાઈક ઉપર હાઈવે ઉપર જવા નીકળ્યો હતો. રસ્તા ઉપરથી પસાર થતો તુષાર પટેલ પોતાની બાઈક સાથે પૂરના પાણીમાં તણાયો હતો. બાઈક તણાતા ઝાડની ડાળી પકડી લટકી રહ્યો હતો. આ બનાવે મુલદ ટ્રાફિક પોલીસ જયેશ મણિલાલ પ્રજાપતિ તથા તેના સાથી મિત્રોએ યુવાન તુષાર પટેલને રેસ્ક્યુ કરી બચાવ્યો હતો. આ પ્રસંગે ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા ટ્રાફિક પોલીસ જયેશ પ્રજાપતિ તથા અન્ય સહાયક પોલીસ કર્મીઓની કામગીરીને બિરદાવી પ્રોત્સાહન રૂપે જિલ્લા એસપી મયુર ચાવડાના હસ્તે સન્માન પત્રક અર્પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત પોલીસ ઈન્સ્પેક્ટર મહેરિયા મેડમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

**DATE: 31/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

હ્યુમન ઈન્ટેલીજન્સ-સોશિયલ મીડિયાની મદદ લઈ

# આમોદ પોલીસે બાળકને શોધી પરિવાર સાથે મિલન કરાવ્યું

। જંબુસર ।

આમોદ પોલીસે મંદબુદ્ધિ બાળકને હ્યુમન ઈન્ટેલીજન્સ તથા સોશીયલ મીડીયાની મદદ લઈ શોધી કાઢી તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

મળતી પોલીસ સુત્રીય માહિતી અનુસાર આમોદ પોલીસ સબ ઈન્સપેક્ટર રાજેન્દ્ર સિંહ અસવાર, વિજયભાઈ દાનાભાઈ તથા ડ્રાઈવર કિરીટસિંહ ચંદ્રસિંહ નાઈટ પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન ભરૂચથી આમોદ જતા હાઈ-વે રોડ ઉપર તણછાથી બોડકા ગામની વચ્ચે એક અજાણ્યો મંદબુધ્ધીનો બાળક રાત્રીના આશરે ચારેક વાગ્યાના અરસામાં ચાલતો મળી આવ્યો હતો.

રાત્રીના સમયે બાળકને રસ્તા પર જોઈ પોલીસે ચોંકી ઉઠી હતી. અને બાળકની પુછપરછ કરી હતી. પણ તે જવાબ નહી આપી શકતાં તે બાળકને આમોદ પોલીસ સ્ટેશને લાવી પોલીસ દ્વારા ભોજન,પાણીની તેમજ આરામની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ત્યારબાદ સવારના સમયે તે બાળકને સાંત્વના આપી તેનુ નામઠામ પુછતાં તેણે પોતાનુ નામ નરેશ પરમાર હોવાનુજણાવ્યુ હતુ. પરંતુ પુરૂ નામ-સરનામુ જણાવી શક્યો નહોતો. જેથી આબાળકના વાલી વારસને શોધવા હ્યુમન ઈન્ટેલીજન્સ તથા સોશીયલ મીડીયા મારફતે પ્રસારીત કરીને સઘન પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

જે આણંદ જીલ્લાના બોરસદ તાલુકાના મોટી શેરડી ગામેથી સદર બાળકના બનેવી સંજયભાઈ અર્જુનભાઈ મકવાણાની ભાળ મળી હતી.

જેથી બાળકના બનેવીને આમોદ પોલીસે સંપર્ક કરી સદર બાળકનો કબજો તેના બનેવી સંજયભાઈ અર્જુનભાઈ મકવાણાને સોપી સુખદ મિલન કરાવવામાં આવ્યું હતું.

મંદબુદ્ધિના બાળકને પરિવાર સાથે સુખદ મિલન કરાવવા માટે આમોદ પોલીસ સબ ઈન્સ્પેક્ટર રાજેન્દ્રસિંહ અસવાર તથા વિજયભાઈ દાનાભાઈ તથા કિરીટસિહ ચંદ્રસિહે ટીમવર્કથી કામગીરી કરી હોવાનું જાણવા મળે છે.

## બાળકના પરિવારજનોએ પોલીસનો આભાર માન્યો

**DATE: 01/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

આમલાખાડી, અમરાવતી અને પાનોલી બ્રિજને આવરી લેવાયાં

# ભરૂચમાં હાઈવે પર ત્રણ બ્રિજ પર ખાડાઓ પર ડામર પાથરવાનું શરૂ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ જીલ્લાની હદમાંથી પસાર થતાં નેશનલ હાઈવે પર ચોમાસાના પ્રારંભે મસમોટા ખાડાઓ પડી જતાં ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે. ખાડાઓના કારણે ટ્રકચાલકો તેમના વાહનો ધીમી ગતિથી હંકારી રહયાં હોવાથી પણ ટ્રાફિકજામ થાય છે. અંકલેશ્વર પાસે આમલાખાડીનો બ્રિજ સાંકડો છે અને તેના પર ખાડાઓ પડી જવાથી વડોદરાથી સુરત તરફ જતી લેનમાં રોજ 5 કીમી સુધીનો ટ્રાફિકજામ થઈ રહયો છે. નેશનલ હાઈવે ઓથોરીટી તથા જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમે વરસાદ ઓછો થતાની સાથે હાઈવે પરના ખાડાઓ પુરવાની કવાયત હાથ ધરી છે. બુધવારે વરસતા વરસાદમાં આમલાખાડીના બ્રિજ પર ખાડાઓ પુરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિક પીઆઈ ભાવના મહેરીયાએ જણાવ્યું હતું કે, આમલાખાડી બ્રિજ પર બંને લેનમાં, અમરાવતી અને પાનોલી બ્રિજ પર સુરત તરફ જતી લેનમાં ડામર પાથરી ખાડાઓ પુરવામાં આવ્યાં છે.

**DATE: 01/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## ભરૂચના રહાડપોર ગામે દરોડો પાડ્યો

# જુગાર રમતાં ત્રણ ઝડપાયા

# 25 હજારનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

રહાડપોર ગામે પ્લેટીનમ કોમ્પલેક્ષ પાસે જાહેરમાં જુગાર રમતાં ત્રણ જણાને એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યો હતો. ટીમે તેમની પાસેથી રોકડા તેમજ 3 મોબાઇલ મળી કુલ 25 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે વેળાં તેવાળ કોન્સ્ટેબલ મહિપાલસિંહ તેમજ પંકજને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, રહાડપોર ગામે પ્લેટીનિયમ કોમ્પલેક્ષની પાછળ કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે જુગાર રમતાં મહંમદ ઈસ્તેખાર મહંમદ મોઇન પઠાણ, મોહંમદ સોન મોહંમદ સત્તાર ખાન તેમજ મહંમદ તરબેજ મંજુર શેખને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી રોકડા 10 હજાર તેમજ 3 મોબાઇલ કળી કુલ 25 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 01/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### ભરૂચના પાંચબત્તી વિસ્તારમાંથી

# નંબર પ્લેટ વિનાની કારમાંથી દેશી તમંચા સાથે યુટ્યુબ પત્રકાર ઝડપાયો

ભરૂચ,તા.૩૧

ભરૂચ જિલ્લામાં બિલાડીની ટોપની જેમ પત્રકારોનો રાફડો ફાટ્યો છે, તેમાંય હવે યુટ્યુબરો પણ ગાડીઓ પર પ્રેસ લખાવી ફરતાં જોવા મળી રહ્યા છે, ત્યારે નંબર પ્લેટ વિનાની એક પ્રેસ લખેલી કારમાંથી પિસ્તોલ સાથે ચાલક ઝડપાયો હતો.

## તાલુકા પોલીસ મથકના બુલેટ ચોરીના ગુનામાં પણ સંડોવણી તમંચો મધ્યપ્રદેશના ઈસમે આપ્યો હોવાની કબૂલાત

ભરૂચ એ ડિવિઝન પોલીસનો સ્ટાફ પાંચબત્તી વિસ્તારમાં તપાસમાં હતી ત્યારે બુલેટ બાઈક ચોરીનો આરોપી કારમાં પસાર થવાનો હોવાની બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી મુજબની કાર ત્યાંથી પસાર થઈ હતી. જેમાં આગળ પ્રેસ લખેલું મોટુ બોર્ડ હતું. પોલીસે કારને રોકીને તેના ચાલકની પૂછતાછ કરતાં તેણે પોતાનું નામ જલાલદીન અલીભાઈ સૈયદ (રહે.મૂળ માકણ, તા. કરજણ અને હાલ અસ્મા સોસાયટી, વાગરા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તપાસ કરતા તેની



સામે ભરૂચ રૂરલ પોલીસ મથકમાંથી બુલેટ ચોરીના ગુનામાં તેની સંડોવણી હોવાનું જણાતાં તેનો મોબાઈલ જપ્ત કરાયો હતો.

પોલીસે મોબાઈલની તપાસ કરતાં તેમાં દેશી બનાવટની પિસ્તોલનો ફોટો જોતાં તેની કડક પૂછપરછ કરવા સાથે કારની તલાશી લેતાં સ્ટિયરિંગ નીચે ડેસ્ક બોર્ડના ભાગે પિસ્તોલ સંતાડેલી મળી આવી હતી. પોલીસે વધુ પૂછપરછ કરતાં આ પિસ્તોલ તેણે મધ્યપ્રદેશના રતલામના અકબર ઘોસી પાસેથી મેળવી હોવાનું અને તે હાલ મૃત્યુ પામ્યો હોવાનું જણાવ્યું હતું, જ્યારે તેને યુટ્યુબ ચેનલનું પ્રેસનું કાર્ડ હોવાનું જણાવવા સાથે બુલેટ ચોરીના ગુનાની પણ કબૂલાત કરતાં પોલીસે તેને ટ્રાન્સફર વોરંટથી તાલુકા પોલીસને સોંપ્યો હતો.

**DATE: 02/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ભરૂચના રહાડપોર ગામે જાહેરમાં જુગાર રમતાં ત્રણ જુગારી ઝડપાયા

ભરૂચ,તા.૧

ભરૂચ તાલુકાના રહાડપોર ગામે પોલીસે દરોડો પાડી જાહેરમાં જુગાર રમતાં ત્રણ જુગારીને ઝડપી લીધા હતાં. ભરૂચ એ ડિવિઝન પોલીસનો સ્ટાફ ગઈકાલે રાત્રે પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે, રહાડપોર ગામે પ્લેટીનિયમ કોમ્પલેક્સની પાછળ જાહેરમાં કેટલાંક ઈસમો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે ત્યાં રેડ પાડી હતી. જેમાં પોલીસે જુગાર રમતાં મહંમદ ઈસ્તેખાર પઠાણ, મોહંમદ સત્તાર ખાન, મહંમદ તરબેજ મંજુર શેખને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી રોકડા રૂ.૧૦ હજાર તેમજ ૩ મોબાઈલ કળી કુલ રૂ.૨૫ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 02/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વરમાં દારૂના ગોડાઉનના મામલામાં વધુ એકની ધરપકડ

। અંકલેશ્વર ।

ગત તા.૪થી જાન્યુઆરીના રોજ ભરૂચ એલસીબીની ટીમને બાતમી મળી હતી કે, નેત્રંગ તાલુકાના કંબોડીયાનો બુટલેગર અશોક કેશરીમલ માલી અને લખીરામ ગીરીરાજ ગૌતમ ભારતીય બનાવટનો વિદેશી દારૂ મંગાવી અંકલેશ્વર જીઆઈડીસી ની ક્રિસ્ટલ ચોકડી પાસે આવેલા પ્લોટ નંબર-૪૫૦૪ ખાતે ગોડાઉનમાં દારૂનુ કટીંગ કરે છે. જેવી બાતમીના આધારે પોલીસે રેડ કરીને દારૂનો જથ્થો ભરેલુ ગોડાઉન ઝડપી પાડયુ હતુ.

પોલીસે ગોડાઉન અને આઈસર ટેમ્પોમાંથી દારૂ કિંમત રૂા.૧૯.૨૩ લાખ તેમજ આઈસર ટેમ્પો ૧૫ લાખ સહિત કુલ રૂા.૩૪.૨૩ લાખના મુદામાલ સાથે એક ઈસમ રામદાસ રમણ વસાવાને પકડી અશોક

કેશરીમલ માલી અને લખીરામ ગીરીરાજ ગૌતમનેવોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી હતી.તે દરમિયાન તપાસ ચલાવી રહેલ તાલુકા પોલીસે ડેડીયાપાડાના બેસણા ગામમાં રહેતો જીતેન્દ્ર વસાવાને ઝડપી પાડયો હતો.

**DATE: 03/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

સાઈબર ક્રાઈમના કેસોમાં ભરૂચ જિલ્લા પોલીસની અનોખી સફળતા

# આર્થિક ગુનામાં ત્વરિત ફરિયાદ આપવાથી રિફંડ મળવાની શકયતા વધુ

**સતર્કતા** નાયબ જિલ્લા પોલીસ વડાએ પત્રકાર પરિષદ યોજી માહિતી આપી

| ભરૂચ |

ભરૂચ જિલ્લાના લોકોને સાયબર ક્રાઈમના ગુના બને ત્યારે શું કરવુ તે અંગેની માહિતી આપવા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પત્રકાર પરિષદમાં નાયબ જિલ્લા પોલીસવડા સી.કે.પટેલે સાયબર ક્રાઈમ અંગે માહીતી આપી હતી.

ભરૂચ જિલ્લાના લોકોને સાયબર ક્રાઈમ સંબંધી ગુનાઓથી ભોગ બનતા અટકાવવા માટે તથા લોકોને સાયબર ક્રાઈમથી માહિતગાર તથા જાગૃત કરવા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન અને સુચના મુજબ ભરૂચ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન તથા સ્થાનિક પોલીસ સ્ટેશન કક્ષાએ પોલીસ અધિકારી અને કર્મચારીઓ સાયબર ક્રાઈમ સંબંધી કામગી કરી રહ્યા છે. જયારે કોઈપણ વ્યકિત સાયબર ક્રાઈમ ગુનામાં ભોગ બને ત્યારે નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ પોર્ટલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ ઉપર તાત્કાલીક સંપર્ક કરી ઓનલાઈન ફરીયાદ આપી શકે છે આ હેલ્પલાઈન સાત દિવસ ૨૪ કલાક કાર્યરત રહે છે. હેલ્પલાઈન મારફતે કોઈપણ નાગરિક કોઈપણ સમય અને સ્થળ ઉપરથી ઓનલાઈન ફરીયાદ આપી શકે છે.



આ ઓનલાઈન ફરિયાદ આધારે સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ તથા ભરૂચ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન તથા ભરૂચ જિલ્લાના સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે જેમાં આર્થિક પ્રકારના ગુનામાં બેનિફિશયરી બેંક એકાઉન્ટ ફ્રિજ કરાવી ફ્રોડમાં ગયેલ રકમ પુટ ઓન હોલ્ડ અને લિન માર્ક કરાવી રીફંડ આપવાની કામગીરી ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવે છે. જેથી આર્થિક પ્રકારના ગુનામાં તાત્કાલીક ફરિયાદ આપવાથી રીફંડ મળવાની શકયતા વધી જાય છે. મહિલા અને બાળકોને ઓનલાઈન જતીય સતામણી તથા સાયબર ક્રાઈમ સંબંધી ગુનાઓ અંગે માર્ગદર્શન પુરૂ પાડવા માટે પોલીસ સ્ટેશન કક્ષાએ મહિલા પોલીસ અધિકારી અને કર્મચારીઓની ટીમ કાર્યરત છે જયારે કોઈપણ મહિલા કે બાળક સાયબર ક્રાઈમ સંબંધી ગુનાનો ભોગ બને ત્યારે કોઈપણ પ્રકારના ડર વગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, સ્થાનિક પોલીસ સ્ટેશનનો તાત્કાલીક સંપર્ક કરી ફરિયાદ આપવા નાગરીકોને વિનંતી કરવામાં આવી હતી.

## એકાઉન્ટ ફ્રીઝ/અનફ્રિઝ કરવા બાબત

સી.આઈ.ડી.ક્રાઈમ ગુ.રા.ગાંધીનગર તરફથી મળેલ સુચના મુજબ સાયબર ક્રાઈમ સંબંધી ગુનાઓમાં પ્રથમ ત્રણ લેયરના બેંક એકાઉન્ટને ફ્રિજ કરી ફરીયાદીના ગયેલા નાણાં પરત કરવાના પ્રયત્નો કરવામાં આવે છે તેમજ તૌપાસ દરમ્યાન સી.આઈ.ડી.ક્રાઈમ તરફથી ફ્રિજ થયેલ એકાઉન્ટ બાબતે ખાતાધારક તરફથી આધાર-પુરાવા સાથે રજુઆત મળ્યેથી તેઓના એકાઉન્ટને અનફ્રીજ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે અત્રેના પોલીસ સ્ટેશન ખાતે મળેલ રજુઆતો આધારે અરજદારના બેંક એકાઉન્ટને અનફ્રિજ કરવામાં આવેલ છે.

## રિફંડ અને હોલ્ડ પર રહેલી રકમ

ભરૂચ જિલ્લામાં સાયબર ક્રાઈમની મળેલ કુલ અરજીઓ પૈકી સને ૨૦૨૩ અને ૨૦૨૪ ના વર્ષ દરમ્યાન કુલ ૫૯૭ અરજીઓ ઉપર કાર્યવાહી હાથ ધરી કુલ રૂ.૨,૪૪,૨૧,૭૬૭/-ની રકમ અરજદારોને પરત અપાવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ હાલમાં કુલ ૧૩૩૩ અરજીઓ આધારે કુલ રકમ રૂ.૭,૨૯,૨૧,૩૩૧/- ની રકમ અરજદારોને પરત અપાવવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

## સાઈબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમોનું આયોજન

ભરૂચ જિલ્લામાં સાયબર ક્રાઈમને અટકાવવા તથા લોકો તેનાથી કઈ રીતે બચી શકે તેની જાણકારી માટે ભરૂચ જિલ્લા વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં અલગ અલગ જગ્યાઓ ઉપર કુલ ૨૩ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે જેમાં આશરે ૨૫,૦૦૦ જેટલા લોકોને સાયબર ક્રાઈમથી બચાવ અંગેની જાણકારી આપવામાં આવેલ છે.

## નવી પોલિસી

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજયનાઓ દ્વારા સાયબર ક્રાઈમના બનાવની તપાસ દરમ્યાન એકાઉન્ટ ફ્રિજ કરવા બાબતે ૮-૭-૨૪ ના રોજ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે જે મુજબની જ કાર્યવાહી ભરૂચ જિલ્લા ખાતેથી કરવામાં આવે છે જેમાં નાણાંકીય ફ્રોડના કિસ્સામાં પ્રથમ ત્રણ લેયરના બેંક એકાઉન્ટ નાણાંકીય ફ્રોડમાં સંડોવાયેલ ન હોય અને ફ્રોડની રકમ રૂ.૫,૦૦,૦૦૦/- થી ઓછી હોય તેવા એકાઉન્ટની રકમ લિન માર્ક કરવામાં આવે છે અને ૫,૦૦,૦૦૦ થી વધુ રકમના ફ્રોડના કિસ્સામાં સંપુર્ણ બેંક એકાઉન્ટ ફ્રિજ કરવામાં આવે છે. આમ ખોટી રીતે પેમેન્ટ સ્વીકારીને કે અજાણતા છેતરપિંડીનો ભોગ બન્યા હોય તેવા મધ્યમવર્ગીય નિર્દોષ લોકોના ફ્રિજ થયેલ બેંક એકાઉન્ટ અનફ્રિજ કરી લોકોની મુશ્કેલીઓ દુર કરવા ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**DATE: 03/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ઝઘડિયામાં જૂની અદાવતમાં વેપારીના ગલ્લાને આગ લગાડનારા બે ઝડપાયા

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયાના નાના સંજા ગામના ટાંકી ફળિયા વિસ્તારના રહેવાસી સુનીલ સુકા વસાવા ગલ્લો ચલાવી પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવે છે. રાત્રે જૂની અદાવત રાખી સંજય પ્રવીણ વસાવા અને જિગ્નેશ વસાવાએ તેમના ગલ્લા પર જઈ તોડફોડ કરી નુકસાન કરવા સાથે આગ લગાવી હતી. સુનીલને આ અંગે જાણ થતાં પોતાના ગલ્લા પર દોડી ગયા હતા. ત્યાં જઈ આગ ઓલવવામાં આવી હતી. સંજય તથા જિગ્નેશે તેમના ગલ્લાનું તાળું તોડી વકરાના રૂ.10,000 પણ ગલ્લામાંથી કાઢી લીધા હતા. તેમના ગલ્લામાં તેમજ તેમની લારીના ભાગમાં આગ લગાડાતા તેમનો સામાન તેમજ લારી બળી ગઈ હોવાથી તેનું પણ રૂ.1200નું નુકસાન વેઠવું પડ્યું હતું. આથી સુનીલ વસાવાએ પોલીસમથકમાં સંજય વસાવા અને જિગ્નેશ વસાવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે બંને આરોપીને ઝડપી પાડ્યા હતા.

**DATE: 04/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### ભરૂચ જિલ્લામાં નારી વંદન ઉત્સવની ઉજવણી

# ઘરેલું હિંસા અધિનિયમ અંતર્ગત કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઈ

## કાયદાશાસ્ત્રીએ યુવતીઓને યોગ્ય માર્ગદર્શન પુરું પાડ્યું

| ભરૂચ |

મહિલા અને બાળક વિકાસ વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં મહિલાઓને સામાજીક, આર્થિક, માનસિક અને શારિરીક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. સર્વાંગી વિકાસના મહત્વના પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ભરૂચ જિલ્લામાં આજથી તા.૮ ઓગષ્ટ દરમિયાન નારી વંદન ઉત્સવની ઉજવણી થઈ રહી છે.

કુશળ નેતૃત્વ હેઠળ બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત નારી વંદન ઉત્સવ ૨૦૨૪ ની સાપ્તાહિક ઉજવણીના પ્રથમ દિવસની મહિલા સુરક્ષા દિવસ થીમ સાથે જિલ્લાની મહિલાઓને શિક્ષિત કરવા, સુરક્ષા પ્રદાન કરવા અને સશકત કરવાના ઉમદા આશય સાથે નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ તવરા, ભરૂચ ખાતે મહિલા સુરક્ષા દિન તરીકે ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમ દરમ્યાન જિલ્લામાં દહેજ પ્રતિબંધક અધિકારી પ્રિતેશ વસાવાએ મહિલાઓના કાયદા તેમજ મહિલા સશકિતકરણ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. જયારે ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ અંગે ઉપસ્થિત કાયદાશાસ્ત્રી સુ.શ્રી. જયોતિકાબેને યુવતીઓને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ.

તે સાથે આજના ડીજીટલ યુગમાં વકરી રહેલા સાયબર ક્રાઈમ વિશે, તેનાથી બચવાના ઉપાય અને સતર્કતા વિશે પણ ભરૂચ પોલીસ સાયબર ક્રાઈમ ડીપાર્ટમેન્ટના પોલીસ અધિકારી સુલતાનભાઈ અને કિરણભાઈએ વિસ્તૃત માહિતી આપી હતી. સાથે સ્વરક્ષણના વિવિધ દાવનું નિદર્શન અને સેલ્ફ ડીફેન્સ માટેના દાવપેચ ફારેક મલેક દ્વારા આજના કાર્યક્રમમાં બતાવવામાં આવ્યા હતા.

આ વેળાએ મહિલા અને બાળ વીકાસ વિભાગ અને પોલીસ વિભાગના અધિકારી, કર્મચારીઓ સહિત સંબંધિત વિભાગના કર્મયોગીઓ અને કોલેજના પ્રોફેસર અને મોટી સંખ્યામાં યુવતીઓ સહભાગી બની હતી.

**DATE: 04/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### એક શખ્સે ગૌમાંસ ખાવા સબબનું પેમ્પલેટ બનાવ્યું, ત્રણ જણાએ બિભત્સ પોસ્ટ કરી

# ભરૂચમાં શ્રાવણ માસ પહેલાં હિન્દુઓની ધાર્મિક લાગણી દુભાવનારા ચાર સામે પોલીસનો સકંજો

ભરૂચ | સોમવારથી એક તરફ શ્રાવણ મહિનો શરૂ થઇ રહ્યો છે. જેની સાથે સાથે હવે એક બાદ એક હિન્દુ તહેવારો શરૂ થશે. ત્યારે હિન્દુ તહેવારોના સમયગાળામાં હિન્દુ ધર્મના લોકોની લાગણીને ઠેસ પહોંચે તેવા કૃત્યો કરતાં ચાર જણાને પોલીસે દબોચી લીધાં છે. એક શખ્સે હિન્દુ ધર્મના શ્લોકોનું ખોટુ અર્થઘટન કરી ગૌમાંસ ખાવાની દુષ્પ્રેરણા કરી છે. જ્યારે એક સોશિયલ મીડિયા પ્લેટફોર્મના ગ્રુપમાં ત્રણ યુવાનોએ હિન્દુ દેવી-દેવતાઓ માટે બિભત્સ અને વાંધાજનક શબ્દો લખી પોસ્ટ કરી હતી.

## હિન્દુ શાસ્ત્રોના શ્લોકોનું ખોટું અર્થઘટન કરી પેમ્પલેટ બનાવનાર કંથારિયાનો શખ્સ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ તાલુકામાં આવેલાં કંથારિયા ગામે હિન્દુ ધર્મની લાગણી દુભાય તેવું લખાણ ધરાવતું પેમ્પલેટ એક ઇસમને મળ્યું હતું. જેને પગલે તેણે ભરૂચ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તુરંત એક્શનમાં આવી ફરિયાદ નોંધી આરોપીને ઝડપી પાડ્યો હતો.

ભરૂચ તાલુકામાં આવેલાં કંથારિયા ગામે એક ઇસમના હાથમાં 18 પાનાનું એક પેમ્પલેટ આવ્યું હતું. જેમાં જોતાં હિન્દુ ધર્મની લાગણી દુભાવતું લખાણ લખેલું જણાયું હતું. માસાહાર ધર્મ અને પ્રકૃતિની દ્રષ્ટીએ નામના પેમ્પલેટમાં ગૌ અને ગૌહત્યા, મુસલમાન શું કરે વિષય પર લખાણ લખી પ્રિન્ટ આઉટ બહાર પાડી હતી. ઉપરાંત તેમાં હિન્દુ ધર્મના મહાન ગ્રંથો મહાભારત, મનુસ્મૃતિ, ઉપનિષદ, પુરાણો વિગેરેમાં લખેલાં સંસ્કૃત ભાષાના શ્લોકોનું ખોટું અર્થઘટન કરી હિન્દુ ધર્મના શાસ્ત્રો મુજબ ગૌમાસ ખાવા અંગેની ખોટી હકિકતો જણાવી હતી. તેમજ હિન્દુ ધર્મના લોકોનું અપમાન કરવાના ઇરાદે ગૌહત્યા તેમજ માંસભક્ષણ હિન્દુ સમાજ કહીંને ધાર્મિક લાગણીને આઘાત પહોંચાડવા સાથે બે જ્ઞાતિ વચ્ચે દુશ્મનાવટની લાગણી ઉદભવે તેવું કૃત્ય કર્યું હોવાનું જણાતાં તેની ફરિયાદ તાલુકા પોલીસમાં નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરતાં પેમ્પલેટ કંથારિયાના જ ટીપુ સુલતાન કોલોનીમાં રહેતાં અબ્દુલ અઝીઝ અહેમદ પટેલે લખ્યું હોવાનું માલુમ પડતાં ટીમે તેમની ધરપકડ કરી છે.

## સોશિયલ મીડિયા પર હિન્દુ દેવી-દેવતાઓ અંગે બિભત્સ લખાણ લખનાર ત્રણ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક ગ્રુપમાં આઇડી ધરાવતાં મોહમદ વાહીદ સાજીદહુસેન, મોહમદ હસન સુહેલબાબા શેખ તેમજ મિર્ઝા મોહમંદ સાની મોહમંદ યુસુફ શેખ નામના ત્રણ શખ્સોએ એક ગ્રુપમાં વાતચિત દરમિયાન હિન્દુ ધર્મના આરાધ્ય દેવી-દેવતાના નામે બિભત્સઅને ગંદા પ્રકારના શબ્દો લખી પોસ્ટ કર્યાં હતાં.

જે વાતચિતના સ્ક્રિનશોટ સોશિયલ મીડિયામાં વાયરલ થયાં હતાં.જેના કારણે હિન્દુ ધર્મના લોકોની લાગણી દુભાય તેવી સ્થિતી ઉભી થાય તેમ હોવાથી એક ઇસમના ધ્યાનમાં ઘટના આવતાં તેણે ત્રણેય વિરૂદ્ધ ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પીઆઇ વી. બી. બારડે મામલામાં તપાસ હાથ ધરી હતી. એલસીબી પીઆઇ એમ. પી. વાળા તેમજ તેમની ટીમે પણ મદદમાં જોડાતાં આખરે ટેક્નિકલ સર્વેલન્સ અને એનાલિસિસ કરી ત્રણેય આરોપીઓની વિગતો એકત્ર કરી મીરઝા મોહમ્મદ સાની રહે. મલબારી દરવાજા, મોહમ્મદ હશન શેખ રહે. સિંધીવાડનો ટેકરો, મોહમ્મદ વાહીદ સાજીદહુસેન રહે. મોટા ડભોઇયાવાડને ઝડપી પાડ્યાં હતાં. પુછપરછમાં તેઓએ તેમણે જાતે જ પોસ્ટ કરી હોવાની કબુલાત કરતાં ટીમે તેમના મોબાઇલ કબજે કરી તેમજ વધુ પુછપરછ શરૂ કરી છે. તેઓને અન્ય કોઇનો દોરી સંચાર છે કે કેમ અન્ય કોઇની સંડોવણી તપાસવા માટે કાર્યવાહી હાથ ધરી છે.